**Saturday**
**12.11.2022**
*Volume :7 * Issue No.102



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# “બેંગલુરુ ભારતના સ્ટાર્ટઅપ જુસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે, અને આ જુસ્સો જ છે જે દેશને બાકીનાં વિશ્વથી અલગ પાડે છે”


## પ્રધાનમંત્રીએ કર્ણાટકનાં બેંગલુરુમાં જાહેર સમારોહને સંબોધન કર્યું

### "બેંગલુરુનો વિકાસ નાદપ્રભુ કેમ્પેગૌડાની કલ્પના મુજબ થવો જોઈએ"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે કર્ણાટકનાં બેંગલુરુમાં એક જાહેર સમારોહને સંબોધન કર્યું હતું. દિવસની શરૂઆતમાં પ્રધાનમંત્રીએ વિધાન સૌધામાં સંત કવિ શ્રી કનક દાસ અને મહર્ષિ વાલ્મીકિની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે કેએસઆર રેલવે સ્ટેશન પર વંદે ભારત એક્સપ્રેસ અને ભારત ગૌરવ કાશીદર્શન ટ્રેનને લીલી ઝંડી પણ આપી હતી. આ પછી પ્રધાનમંત્રીએ બેંગલુરુનાં કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટનાં ટર્મિનલ-રનું ઉદઘાટન કર્યું હતું અને શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડાની ૧૦૮ ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ કર્ણાટકની બે મહાન વિભૂતિઓની જયંતિના પ્રસંગે કર્ણાટકમાં ઉપસ્થિત રહેવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે સંત કનક દાસ અને ઓંકે ઓબવ્વાને શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આજે કર્ણાટકને ચેન્નાઈ, સ્ટાર્ટઅપ કેપિટલ બેંગલુરુ અને હેરિટેજ સિટી મૈસુરુને જોડતી પ્રથમ 'મેડ ઇન ઇન્ડિયા' વંદે ભારત ટ્રેન મળી છે. તેમણે કહ્યું હતું કે, "આજે ભારત ગૌરવ કાશી દર્શન ટ્રેન પણ શરૂ થઈ છે જેનાથી કર્ણાટકનાં લોકો અયોધ્યા, કાશી અને પ્રયાગરાજનાં દર્શન કરી શકશે." બેંગાલુરુમાં કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય હવાઈ મથકનાં ટર્મિનલ ૨ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગઈ કાલે શેર કરવામાં આવેલી તસવીરો કરતાં વધારે સુંદર અને ભવ્ય છે. પ્રધાનમંત્રીએ નાદપ્રભુ કેમ્પેગૌડાની સ્મારક પ્રતિમા પર પણ પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું હતું કે, આ પ્રતિમા ભવિષ્યનાં બેંગલુરુ અને ભારતનાં નિર્માણ માટે પ્રેરણારૂપ બનીને કામ કરશે. સ્ટાર્ટ અપની દુનિયામાં ભારતની ઓળખ પર ટિપ્પણી કરતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ ઓળખને પરિભાષિત કરવામાં બેંગલુરુ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "બેંગલુરુ ભારતના સ્ટાર્ટઅપ જુસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે અને આ જુસ્સો જ દેશને બાકીની દુનિયાથી અલગ પાડે છે." પ્રધાનમંત્રીએ એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, આ કાર્યક્રમ બેંગલુરુના ભરજુવાનીના જુસ્સાને પ્રદર્શિત કરે છે. વંદે ભારત માત્ર એક ટ્રેન નથી પરંતુ તે નવા ભારતની એક નવી ઓળખ છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "વંદે ભારત એક્સપ્રેસ એ પ્રતીક છે કે ભારતે હવે સ્થગિતતાના દિવસો પાછળ છોડી દીધા છે. અમે ભારતીય રેલવેના સંપૂર્ણ કાયાકલ્પનાં લક્ષ્ય સાથે આગળ વધી રહ્યા છીએ." ૪૦૦થી વધુ વંદે ભારત ટ્રેન અને વિસ્ટા ડોમ કોચ ભારતીય રેલવેની નવી ઓળખ બની રહ્યાં છે. ડેડિકેટેડ ફ્રેટ કૉરિડોર નૂર પરિવહનની ગતિમાં વધારો કરશે અને સમય બચાવશે. રેપિડ બ્રોડગેજ કન્વર્ઝન રેલવેના નકશામાં નવા વિસ્તારોને લાવી રહ્યું છે. રેલવે સ્ટેશનોનાં આધુનિકીકરણ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, સર એમ. વિશ્વેસ્વરૈયા ટર્મિનલ, બેંગલુરુ રેલવે સ્ટેશન પ્રવાસીઓને ઘણો બહોળો અનુભવ પ્રદાન કરે છે. તેમણે માહિતી આપી હતી કે, કર્ણાટકમાં સહિત અન્ય સ્ટેશનોને અપગ્રેડેશન માટે લઈ જવામાં આવી રહ્યાં છે. વિકસિત ભારતનાં વિઝન પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, શહેરો વચ્ચે જોડાણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને એ સમયની તાતી જરૂરિયાત પણ છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, કેમ્પેગૌડા એરપોર્ટનું નવું ટર્મિનલ-૨ કનેક્ટિવિટી વધારવા નવી સુવિધાઓ અને સેવાઓ ઉમેરશે. તેમણે ધ્યાન દોર્યું હતું કે, જ્યારે હવાઈ મુસાફરીની વાત આવે છે, ત્યારે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતાં બજારોમાંનું એક છે અને હવાઈ મુસાફરી કરતા મુસાફરોની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, વર્ષ ૨૦૧૪ અગાઉ દેશમાં ફક્ત ૭૦ એરપોર્ટ્સ હતાં, પણ અત્યારે આ સંખ્યા બમણી થઈને ૧૪૦થી વધારે થઈ ગઈ છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "એરપોર્ટ્સ બિઝનેસીસનાં વિસ્તરણ માટે એક નવું રમતનું ક્ષેત્ર ઊભું કરી રહ્યાં છે, ત્યારે દેશના યુવાનો માટે રોજગારીની નવી તકોનું સર્જન પણ કરી રહ્યાં છે." પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું હતું કે, સમગ્ર વિશ્વએ ભારત પ્રત્યે જે માન્યતાઓ અને આકાંક્ષાઓ દર્શાવી છે, તેનો લાભ કર્ણાટકને મળી રહ્યો છે. પ્રધાનમંત્રીએ કર્ણાટકમાં ૪ લાખ કરોડનાં રોકાણ તરફ બધાનું ધ્યાન દોર્યું હતું, જે ત્યારે થયું હતું જ્યારે વિશ્વ કોવિડ મહામારી સામે સંઘર્ષ કરી રહ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, "ગયાં વર્ષે કર્ણાટકે દેશમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણને આકર્ષવામાં આગેવાની લીધી હતી." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ રોકાણ માત્ર આઈટી ક્ષેત્ર પૂરતું જ મર્યાદિત નથી, પરંતુ બાયોટેકનોલોજીથી લઈને સંરક્ષણ સુધીનું છે. તેમણે માહિતી આપી હતી કે ભારતના એરક્રાફ્ટ અને સ્પેસ-ક્રાફ્ટ ઉદ્યોગમાં કર્ણાટકનો હિસ્સો ૨૫ ટકા છે. તેમણે એમ પણ નોંધ્યું હતું કે ભારતનાં સંરક્ષણ માટે બનાવવામાં આવતાં આશરે ૭૦ ટકા વિમાન અને હૅલિકોપ્ટર કર્ણાટકમાં બનાવવામાં આવે છે. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે, કર્ણાટકમાં ફોર્ચ્યુન ૫૦૦ની યાદીમાંથી ૪૦૦થી વધારે કંપનીઓ કામ કરી રહી છે. તેમણે રાજ્યમાં આવા જબરદસ્ત વિકાસ માટે કર્ણાટકની ડબલ એન્જિનવાળી સરકારને શ્રેય આપ્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "શાસન હોય કે ભૌતિક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ, ભારત સંપૂર્ણપણે અલગ સ્તરે કામ કરી રહ્યું છે." ભીમ યુપીઆઈ અને મેડ ઈન ઈન્ડિયા ૫જી ટેકનોલોજીનું ઉદાહરણ ટાંકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, બેંગલુરુના વ્યાવસાયિકોએ જ આ દૂરનાં સ્વપ્નને સાકાર કર્યું છે. પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું હતું કે, આ પ્રકારના સકારાત્મક ફેરફારો વર્ષ ૨૦૧૪ અગાઉ કલ્પના બહારના હતા, કારણ કે અગાઉની સરકારની વિચાર સરણી જૂની થઈ ગઈ હતી. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, "અગાઉની સરકારોએ ઝડપને લક્ઝરી અને વ્યાપને જોખમ તરીકે ગણ્યાં હતાં." પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, "અમારી સરકારે આ વલણને બદલ્યું છે. અમે ગતિને ભારતની આકાંક્ષા અને વ્યાપને શક્તિ તરીકે ગણીએ છીએ." પ્રધાનમંત્રી ગતિશક્તિ માસ્ટર પ્લાન પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, સરકારે તમામ વિભાગો અને એજન્સીઓને એક જ મંચ પર લાવવા માટેના પ્રયાસો કર્યા છે અને તેનાં પરિણામે વિવિધ એજન્સીઓને ૧૫૦૦થી વધારે સ્તરોનાં ડેટા ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ડઝનેક વિભાગોની સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારોનાં અનેક મંત્રાલયો આ પ્લેટફોર્મની મદદથી એકસાથે આવી રહ્યાં છે. તેમણે કહ્યું હતું કે, "અત્યારે ભારત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ પાઈપલાઈનમાં રૂ. ૧૧૦ લાખ કરોડના લક્ષ્યાંકને ધ્યાનમાં રાખીને કામ કરી રહ્યું છે." તેમણે કહ્યું હતું કે, "મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકવામાં આવે છે, જેથી પરિવહનનું દરેક માધ્યમ એકબીજાને ટેકો આપે." રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ વિશે બોલતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, તેનાથી દેશમાં પરિવહનનો ખર્ચ ઘટાડવામાં મદદ મળશે, ત્યારે તેમાં નવીનતા પણ આવશે. લાલ કિલ્લા પરથી દેશની વિરાસતમાં ગૌરવ વિશે પોતાનાં સંબોધનને યાદ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આપણો વારસો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પણ છે. તેમણે માહિતી આપી હતી કે, ભારત ગૌરવ રેલ આસ્થા અને આધ્યાત્મિકતાનાં સ્થાનોને જોડી રહી છે અને સાથે-સાથે એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવનાને પણ મજબૂત કરીરહી છે. તેમણે માહિતી આપી કે અત્યાર સુધીમાં આ ટ્રેનની આવી ૯ યાત્રા દેશના અલગ અલગ ભાગોમાં પૂર્ણ થઈ ચૂકી છે. "શિરડી મંદિર હોય, શ્રી રામાયણ યાત્રા હોય, દિવ્ય કાશી યાત્રા હોય, આવી તમામ ટ્રેનો મુસાફરો માટે ખૂબ જ સુખદ અનુભવ રહ્યો છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આજથી શરૂ થયેલી કર્ણાટકથી કાશી, અયોધ્યા અને પ્રયાગરાજ સુધીની યાત્રા કર્ણાટકના લોકોને કાશી અને અયોધ્યાની મુલાકાત લેવામાં મદદરૂપ થશે. પ્રધાનમંત્રીએ બરછટ અનાજનાં મહત્વ તરફ પણ દરેકનું ધ્યાન દોર્યું હતું, જેની સ્થાપના કનકદાસજીએ કરી હતી. પોતાની રચના – રામ ધાન્ય ચરિત પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કર્ણાટકમાં સૌથી વધુ પસંદ કરવામાં આવતા બાજરી 'રાગી'નું ઉદાહરણ ટાંકીને કહ્યું હતું કે તે સામાજિક સમાનતાનો સંદેશ આપે છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, બેંગલુરુનો વિકાસ નાદપ્રભુ કેમ્પેગૌડાજીએ કલ્પના કરી હતી તે મુજબ થવો જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, "આ શહેરની વસાહત અહીંનાં લોકો માટે કેમ્પેગૌડાજીનું મોટું પ્રદાન છે." પ્રધાનમંત્રીએ વાણિજ્ય અને સંસ્કૃતિની વાત આવે છે ત્યારે અપ્રતિમ વિગત પર પ્રકાશ પાડ્યો હતો, જેનું આયોજન સદીઓ અગાઉ બેંગલોરના લોકોની સુવિધા માટે કરવામાં આવ્યું હતું. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે, "બેંગલુરુનાં લોકોને હજુ પણ તેમનાં વિઝનનો લાભ મળી રહ્યો છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભલે આજે વ્યવસાયોમાં પરિવર્તન આવ્યું હોય, પરંતુ 'પીટ' (બેંગલુરુનો એક વિસ્તાર) હજી પણ બેંગલુરુની વ્યાવસાયિક જીવાદોરી છે. બેંગલોરની સંસ્કૃતિને સમૃદ્ધ કરવામાં નાદપ્રભુ કેમ્પેગૌડાજીનાં યોગદાન પર પ્રકાશ ફેંકતા પ્રધાનમંત્રીએ પ્રસિદ્ધ ગાવી ગંગાધારેશ્વર મંદિર અને બસવાનાગુડી વિસ્તારમાં આવેલાં મંદિરનાં ઉદાહરણો ટાંક્યાં હતાં. તેમણે કહ્યું હતું કે, "આ મારફતે કેમ્પેગૌડાજીએ બેંગ્લોરની સાંસ્કૃતિક ચેતનાને હંમેશા જીવંત રાખી છે." સંબોધનનાં સમાપનમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, બેંગલુરુ એક આંતરરાષ્ટ્રીય શહેર છે અને આપણે આપણા વારસાનું જતન કરવાની સાથે આધુનિક માળખાગત સુવિધાઓથી સમૃદ્ધ થવું પડશે. "આ બધું ફક્ત સબકા પ્રયાસોથી જ શક્ય છે", એમ તેમણે સમાપન કર્યું. કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી બસવરાજ બોમ્મઈ, કર્ણાટકના રાજ્યપાલ શ્રી થાવરચંદ ગેહલોત, કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી બી એસ યેદિયુરપ્પા, કેન્દ્રીય મંત્રીઓ શ્રી પ્રહલાદ જોશી અને શ્રી અશ્વિની વૈષ્ણવ, રાજ્ય કક્ષાનાં કેન્દ્રીય મંત્રી સુશ્રી શોભા કરંદલાજે, શ્રી રાજીવ ચંદ્રશેખર, શ્રી એ. નારાયણ સ્વામી અને શ્રી ભગવંત ખુબા, સાંસદ શ્રી બી એન બચે ગૌડા, આદિચુંચનાગીર મઠના સ્વામીજી ડૉ. નિરામલનંદનતાહ સ્વામીજી અને કર્ણાટક સરકારના મંત્રી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

### "વંદે ભારત એક્સપ્રેસ એ પ્રતીક છે કે ભારતે હવે સ્થગિતતાના દિવસો પાછળ છોડી દીધા છે"




### "ડિજિટલ પેમેન્ટ સિસ્ટમમાં ભારતે જે હરણફાળ ભરી છે, તેની વિશ્વ પ્રશંસા કરી રહ્યું છે"

### "દેશમાં સીધા વિદેશી રોકાણને આકર્ષવામાં કર્ણાટક અગ્રેસર છે"

### "આપણો વારસો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પણ છે"



### "એરપોર્ટ્સ બિઝનેસીસનાં વિસ્તરણ માટે એક નવું રમતનું ક્ષેત્ર બનાવી રહ્યાં છે જ્યારે રાષ્ટ્રના યુવાનો માટે રોજગારની નવી તકોનું સર્જન પણ કરી રહ્યાં છે"

### સામાજિક માળખાગત સુવિધાઓમાં સુધારો કરવો

- દેશમાં ગરીબો માટે ૩.૪ કરોડ પાકાં મકાનો, કર્ણાટકમાં ૮ લાખ પાકાં મકાનો
- ૭ કરોડ કુટુંબોને પાઇપ દ્વારા પાણીનું જોડાણ મળ્યું, કર્ણાટકમાં ૩૦ લાખ
- આયુષ્માન ભારત અંતર્ગત ૪ કરોડ દર્દીઓને મફત સારવાર મળી હતી, કર્ણાટકમાં ૩૦ લાખ.
- દેશના ૧૦ કરોડથી વધુ ખેડૂતોનાં ખાતામાં ૨.૫ લાખ કરોડ રૂપિયા ટ્રાન્સફર, કર્ણાટકમાં ૫૫ લાખ ખેડૂતોનાં ખાતામાં ૧૧ હજાર કરોડ રૂપિયા ટ્રાન્સફર
- સ્વનિધિ હેઠળ ૪૦ લાખ સ્ટ્રીટ વેન્ડર્સને સહાય મળી, કર્ણાટકમાં ૨ લાખ સ્ટ્રીટ વેન્ડર્સને સહાય

### "અગાઉ ગતિને લક્ઝરી તરીકે ગણવામાં આવતી હતી, અને વ્યાપને જોખમ તરીકે"



### "શાસન હોય કે ભૌતિક અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ, ભારત સંપૂર્ણપણે અલગ સ્તરે કામ કરી રહ્યું છે"

## પ્રધાનમંત્રી શ્રીએ બેંગલુરુમાં શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડાની ૧૦૮-મીટર લાંબી કાસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યું



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે બેંગલુરુમાં શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડાની ૧૦૮-મીટર લાંબી કાંસાની પ્રતિમાનું અનાવરણ કર્યુ. પ્રધાનમંત્રી શ્રીએ પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી અને પવિત્ર જળ અર્પણ કર્યું. તેમણે એક છોડનું વાવેતર પણ કર્યું હતું. બેંગલુરુના વિકાસમાં શહેરના સ્થાપક નાદપ્રભુ કેમ્પેગૌડાના યોગદાનની યાદમાં આ પ્રતિમા બનાવવામાં આવી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ફેમ રામ વી સુતારની સંકલ્પના અને તેમના દ્વારા બનાવવામાં આવેલ આ પ્રતિમા માટે ૯૮ ટન બ્રોન્ઝ અને ૧૨૦ ટન સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી શ્રીએ ટ્વીટ કર્યું. “બેંગલુરુના નિર્માણમાં શ્રી નાદપ્રભુ કેમ્પેગૌડાની ભૂમિકા અપ્રતિમ છે. તેમને એક સ્વપ્નદ્રષ્ટા તરીકે યાદ કરવામાં આવે છે જેમણે હંમેશા લોકોના કલ્યાણને દરેક વસ્તુથી ઉપર રાખ્યું હતું. બેંગલુરુમાં 'સ્ટેચ્યુ ઓફ પ્રોસ્પરિટી'નું ઉદ્‌ઘાટન કરવા બદલ સન્માનિત.”

## અમેરિકાના નાણાપ્રધાને કહ્યું કે ભારત વિશ્વની સૌથી ઝડપી અર્થવ્યવસ્થાઓમાંની એક છે



કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

ભારતની મુલાકાતે આવેલા અમેરિકી નાણામંત્રી જેનેટ યેલેને કહ્યું છે કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. ઉત્તર પ્રદેશના નોઈડામાં આયોજિત એક કાર્યક્રમમાં તેમણે આ વાત કહી. યેલેને કહ્યું કે યુએસ ટ્રેઝરી સેક્રેટરી તરીકે આ મારી ભારતની પ્રથમ મુલાકાત છે. હું અહીં આવીને ખુશ છું, કારણ કે ભારત તેની આઝાદીના ૭૫માં વર્ષની ઉજવણી કરી રહ્યું છે અને ૪૨૦ના પ્રમુખ બનવાની તૈયારી કરી રહ્યું છે. રાષ્ટ્રપતિ બાઈડને કહ્યું છે તેમ, ભારત અમેરિકાના અડગ ભાગીદારોમાંનું એક છે. યુએસ નાણામંત્રીએ સ્વીકાર્યું કે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. અમે રોગચાળાની અસરનો સામનો કરી રહ્યા છીએ અને યુક્રેનમાં રશિયન પ્રમુખ પુતિનના યુદ્ધ દ્વારા સર્જાયેલી પરિસ્થિતિઓના વ્યાપક આર્થિક સંકટનો પણ સામનો કરી રહ્યા છીએ.

ભારત અને અમેરિકા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ગયા વર્ષે સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. અમને આશા છે કે તેમાં વધુ વધારો થશે. તેવું યુએસના નાણામંત્રીએ જણાવ્યું. આપણા લોકો અને કંપનીઓ દરરોજ એકબીજા પર નિર્ભર છે. ભારત સંદેશાવ્યવહાર માટે વારંવાર વોટ્સએપનો ઉપયોગ કરે છે. ઘણી અમેરિકન કંપનીઓ ઈન્ફોસિસ સાથે કામ કરવા પર આધાર રાખે છે. ભારતીય મૂળના પ્રતિભાશાળી લોકો ગૂગલ, માઈક્રોસોફ્ટ અને અન્ય મોટી અમેરિકન કંપનીઓમાં ઉચ્ચ હોદ્દા પર છે. અમેરિકી નાણામંત્રીએ કહ્યું કે લોકશાહી લોકોનું ભલું કરે છે અને વિશ્વ અર્થવ્યવસ્થાનો માર્ગ ભારત અને અમેરિકા સાથે મળીને કરેલા કામોથી નક્કી થશે. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સમૃદ્ધિ અને સુરક્ષા માટે પણ આ યોગ્ય છે. ભારત-અમેરિકા સંબંધો આગળ વધશે. અમેરિકી ટ્રેઝરી મિનિસ્ટરે વૈશ્વિક ઉર્જા સંકટને લઈને રશિયા પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે રશિયા લાંબા સમયથી પોતાને વિશ્વસનીય ઊર્જા ભાગીદાર તરીકે રજૂ કરે છે. પરંતુ, હવે તે એક ઉદાહરણ છે કે કેવી રીતે એક દેશ પોતાના ફાયદા માટે દૂષિત રીતે વેપારને વિક્ષેપિત કરી શકે છે અને ભૌગોલિક રાજકીય લાભ લેવાનો પ્રયાસ કરી શકે છે. દિલ્હીમાં ભારત-યુએસ આર્થિક ભાગીદારીની ૯મી બેઠક પહેલા નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે યુએસ નાણા પ્રધાન યેલેન સાથે મુલાકાત કરી હતી. યેલેનના ભારત પ્રવાસ પહેલા ભારતીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ ઓક્ટોબરમાં અમેરિકા ગયા હતા. તેમણે યુએસ ટ્રેઝરી સેક્રેટરી યેલેન સાથે વર્તમાન વૈશ્વિક આર્થિક સ્થિતિ પર ચર્ચા કરી. સીતારમણે યેલેનને નવેમ્બરમાં ભારતમાં યોજાનારી યુએસ-ભારત આર્થિક અને નાણાકીય સહકાર બેઠકમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું હતું.

# પ્રધાનમંત્રીએ બેંગલુરુના કેએસઆર રેલવે સ્ટેશન ખાતે વંદે ભારત એક્સપ્રેસ અને ભારત ગૌરવ કાશી દર્શન ટ્રેનને લીલી ઝંડી બતાવી



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રીએ બેંગલુરુના કેએસઆર રેલવે સ્ટેશન ખાતે વંદે ભારત એક્સપ્રેસ અને ભારત ગૌરવ કાશી દર્શન ટ્રેનને લીલી ઝંડી બતાવી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે કેએસઆર રેલવે સ્ટેશન, બેંગલુરુ ખાતે વંદે ભારત એક્સપ્રેસ અને ભારત ગૌરવ કાશી દર્શન ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. પ્રધાનમંત્રી ક્રાંતિવીર સાંગોલ્લી રાયન્ના (KSR) રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૭ પર ફ્લેગ-ઓફ વિસ્તારમાં પહોંચ્યા અને ચેન્નાઈ-મૈસુર વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપી. આ દેશની પાંચમી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન હશે અને દક્ષિણ ભારતમાં આવી પ્રથમ ટ્રેન હશે. તે ચેન્નાઈના ઔદ્યોગિક હબ, બેંગલુરુના ટેક એન્ડ સ્ટાર્ટઅપ હબ અને પ્રખ્યાત પર્યટન શહેર મૈસુર વચ્ચે જોડાણ વધારશે. એક ટ્વિટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું; "ચેન્નાઈ-મૈસુર વંદે ભારત એક્સપ્રેસ કનેક્ટિવિટી તેમજ વ્યાપારી પ્રવૃત્તિઓને વેગ આપશે. તે 'ઈઝ ઓફ લિવિંગ' પણ વધારશે. બેંગલુરુથી આ ટ્રેનને લીલી ઝંડી આપીને આનંદ થયો. આ પછી પ્રધાનમંત્રી પ્લેટફોર્મ નંબર ૮ પર ફ્લેગ-ઓફ વિસ્તારમાં પહોંચ્યા અને ભારત ગૌરવ કાશી યાત્રા ટ્રેનને લીલી ઝંડી આપી. કર્ણાટક ભારત ગૌરવ યોજના હેઠળ આ ટ્રેન ઉપાડનાર પ્રથમ રાજ્ય છે જેમાં કર્ણાટક સરકાર અને રેલવે મંત્રાલય કર્ણાટકથી તીર્થયાત્રીઓને કાશી મોકલવા સાથે મળીને કામ કરી રહ્યા છે. યાત્રાળુઓને કાશી, અયોધ્યા અને પ્રયાગરાજની મુલાકાત લેવા માટે આરામદાયક રોકાણ અને માર્ગદર્શન આપવામાં આવશે. પ્રધાનમંત્રીએ ટ્વિટ કર્યું; "ભારત ગૌરવ કાશી યાત્રા ટ્રેન ઉપાડનાર પ્રથમ રાજ્ય હોવા બદલ હું કર્ણાટકની પ્રશંસા કરવા માંગુ છું. આ ટ્રેન કાશી અને કર્ણાટકને નજીક લાવે છે. તીર્થયાત્રીઓ અને પ્રવાસીઓ સરળતાથી કાશી, અયોધ્યા અને પ્રયાગરાજની મુલાકાત લઈ શકશે. પ્રધાનમંત્રીની સાથે કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી બસવરાજ બોમાઈ, કર્ણાટકના રાજ્યપાલ શ્રી થાવરચંદ ગેહલોત અને કેન્દ્રીય મંત્રીઓ શ્રી અશ્વિની વૈષ્ણવ અને શ્રી પ્રહલાદ જોશી હતા.

વંદે ભારત એક્સપ્રેસ વંદે ભારત એક્સપ્રેસ ૨.૦ અસંખ્ય શ્રેષ્ઠ અને એરક્રાફ્ટ જેવા મુસાફરીના અનુભવો પ્રદાન કરે છે. તે અદ્યતન સલામતી સુવિધાઓથી સજ્જ છે જેમાં સ્વદેશી રીતે વિકસિત ટ્રેન અથડામણ ટાળવાની સિસ્ટમ - કવચનો સમાવેશ થાય છે. વંદે ભારત ૨.૦ માત્ર ૫૨ સેકન્ડમાં ૦ થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ અને ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ ઝડપ સુધી પહોંચવા જેવી વધુ એડવાન્સમેન્ટ અને સુધારેલ સુવિધાઓથી સજ્જ હશે. સુધારેલ વંદે ભારત એક્સપ્રેસનું વજન અગાઉના ૪૩૦ ટનની સરખામણીમાં ૩૯૨ ટન હશે. તેમાં Wi-Fi કન્ટેન્ટ ઓન-ડિમાન્ડ સુવિધા પણ હશે. દરેક કોચ ૩૨" સ્ક્રીનોથી સજ્જ છે જે અગાઉના વર્ઝનમાં ૨૪"ની સરખામણીમાં મુસાફરોની માહિતી અને ઈન્ફોટેનમેન્ટ પ્રદાન કરે છે. વંદે ભારત એક્સપ્રેસ પણ પર્યાવરણને અનુકૂળ બનવા જઈ રહી છે કારણ કે એસી ૧૫ ટકા વધુ ઉર્જા કાર્યક્ષમ હશે. ટ્રેક્શન મોટરના ધૂળ-મુક્ત સ્વચ્છ હવા કૂલિંગ સાથે, મુસાફરી વધુ આરામદાયક બનશે. સાઈડ રિક્લાઈનર સીટની સુવિધા જે અગાઉ માત્ર એક્ઝિક્યુટિવ ક્લાસના મુસાફરોને આપવામાં આવતી હતી તે હવે તમામ વર્ગો માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. એક્ઝિક્યુટિવ કોચમાં ૧૮૦-ડિગ્રી ફરતી સીટોની વધારાની સુવિધા છે. વંદે ભારત એક્સપ્રેસની નવી ડિઝાઈનમાં, હવા શુદ્ધિકરણ માટે રૂફ-માઉન્ટેડ પેકેજ યુનિટ (RMPU)માં ફોટો-ઉત્પ્રેરક અલ્ટ્રાવાયોલેટ હવા શુદ્ધિકરણ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. સેન્ટ્રલ સાયન્ટિફિક ઈન્સ્ટ્રુમેન્ટ્સ ઓર્ગેનાઈઝેશન (CSIO), ચંડીગઢ દ્વારા ભલામણ કર્યા મુજબ, આ સિસ્ટમ ઈર્ંના બંને છેડા પર તાજી હવા અને પાછી આવતી હવા દ્વારા આવતા જંતુઓ, બેક્ટેરિયા, વાયરસ વગેરેથી મુક્ત હવાને ફિલ્ટર કરવા અને સાફ કરવા માટે ડિઝાઈન અને ઈન્સ્ટોલ કરેલી છે.ભારત ગૌરવ ટ્રેનભારતીય રેલવેએ નવેમ્બર ૨૦૨૧માં થીમ આધારિત ભારત ગૌરવ ટ્રેનનું સંચાલન શરૂ કર્યું હતું. આ થીમનો ઉદ્દેશ્ય ભારત ગૌરવ ટ્રેન દ્વારા ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને ભવ્ય ઐતિહાસિક સ્થળોને ભારત અને વિશ્વના લોકો સમક્ષ પ્રદર્શિત કરવાનો છે. આ યોજનાનો ઉદ્દેશ્ય પણ પ્રવાસન ક્ષેત્રના વ્યાવસાયિકોની મુખ્ય શક્તિઓનો લાભ લેવા માટે થીમ આધારિત ટ્રેનો ચલાવવા માટે ભારતની વિશાળ પ્રવાસન ક્ષમતાનો ઉપયોગ કરવાનો છે.

# બાલાસિનોર વિધાનસભા બેઠક પરથી ભાજપના ૭૨ વર્ષીય માનસિંહ ચૌહાણ લડશે ચૂંટણી



કમલમ્ ન્યુઝ,મહીસાગર

ગુજરાતની ચૂંટણી બે તબક્કામાં જાહેર થઈ એને સપ્તાહ વીતી ગયું. પહેલા તબક્કાની ઉમેદવારી નોંધાવવાને હવે ૩ જ દિવસની વાર છે. ત્યારે ભારતીય જનતા પાર્ટીએ પ્રથમ તબક્કાના ઉમેદવારોની યાદી જાહેર કરી છે. દિલ્હી કમલમ્ ખાતે રાત સુધી મનોમંથન કર્યા પછી ત્યાંથી જ પ્રેસ-કોન્ફરન્સ કરીને ગુજરાતના પહેલા તબક્કાની ચૂંટણીના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં બાલાસિનોર બેઠક પરથી ૭૨ વર્ષીય જુના જોગી અને આગાઉની સરકારમાં પૂર્વ મંત્રી રહી ચૂકેલા માનસિંહ ચૌહણની પંસદગી કરી છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા વિધાનસભા ચૂંટણીને લઈ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. ત્યારે મહીસાગર જિલ્લામાં પણ ત્રણ વિધાનસભા બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં બાલાસિનોર ૧૨૧ વિધાનસભા બેઠક પરથી ૭૨ વર્ષીય જુના જોગી અને આગાઉની સરકારમાં પૂર્વ મંત્રી રહી ચૂકેલા માનસિંહ ચૌહણની પંસદગી કરી છે. ગત ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં બાલાસિનોર બેઠક પરથી ભાજપે માનસિંહ ચૌહાણને ટિકિટ આપી હતી, પરંતુ તેઓ કોંગ્રેસના અજીતસિંહ ચૌહાણની સામે તેમની હાર થઈ હતી. ત્યારે ફરથી ૨૦૨૨ ચૂંટણીમાં ભાજપે માનસિંહ ચૌહાણ કરી છે. માનસિંહ ચૌહણ રાજકીય ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. બાલાસિનોર વિધાનસભા બેઠક માટે અનેક નામો ચર્ચામાં હતા, પરંતુ અનેક અટકળો વચ્ચે ભાજપે જુના જોગી એવા માનસિંહ ચૌહાણની પુનઃ પસંદગી કરી છે. જેથી તેમના સમર્થકો કાર્યકરો અને પરિવાર જનોમાં ખુશી જોવા મળી રહી છે અને અને તેઓનું નામ જાહેર થતા તેમના માળના મુવાડા ગામે તેમના નિવાસ સ્થાને લોકો અને સમર્થકો તેમને શુભેચ્છા પાઠવવા પોહચી રહ્યા છે.



કમલમ્ ન્યુઝ,

ઉમરગામ ૧૮૨" વિધાનસભા મતવિસ્તાર ના ભાજપ ના ઉમેદવાર શ્રી રમણલાલ પાટકર જી દ્રારા વલસાડ જીલ્લા મહામંત્રી તેમજ ઉમરગામ તાલુકા પ્રભારી શ્રી કમલેશભાઈ પટેલ, તાલુકા પ્રભારી શ્રી હિતેશભાઈ ફળદુ, પ્રભારી શ્રી પપ્પુભાઈ તિવારી, પ્રભારી શ્રી કરશનભાઈ ટીલવા, પ્રભારી શ્રીમતિ મીનાક્ષી તાઈ, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી દિલીપભાઈ ભંડારી, કન્વીનર શ્રી મુકેશભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ અલ્કાબેન શાહ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી રમેશભાઈ ધાંગડા, નગરપાલિકા ના ગણેશભાઈ બારી, શ્રીમતિ વર્ષાંબેન રાવલ, શ્રીમતિ જશુમતિબેન દાંડેકર, નોટીફાઈડ મહામંત્રી શ્રી સુધીરભાઈ સાવલીયા, સહિત આગેવાનો ની ઉપસ્થિતી માં ધોડીપાડા ખાતે જીલ્લા પંચાયત સભ્યશ્રીઓ, તાલુકા પંચાયત સભ્યશ્રીઓ, નગરસેવકો, સરપંચશ્રીઓ, પૂવઁ પ્રમુખશ્રીઓ, સક્રિય કાયઁકરો સાથે મુલાકાત કર શુભાશિષ મેળવી ઉમરગામ મામલતદાર કચેરી ખાતે પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે પ્રાકૃતિક કૃષિ વિષયક ત્રિદિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત

## કૃષિ વૈજ્ઞાનિકો પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે નૂતન સંશોધનો દ્વારા કૃષિ અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે યોગદાન આપે- રાજ્યપાલશ્રી

કમલમ્ ન્યુઝ,

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલ નેશનલ કોન્ફરન્સ ઓન નેચરલ ફાર્મિંગ ઓન સસ્ટેનેબલ એગ્રીકલ્ચર એન્ડ નેશનલ પ્રોસ્પેરીટીનું ઉદઘાટન કરતાં જણાવ્યું હતુ કે, કૃષિ યુનિવર્સિટી અને કૃષિ વૈજ્ઞાનિકો નૂતન સંશોધનો દ્વારા કૃષિ અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે યોગદાન આપે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આત્મનિર્ભર ખેડુતો અને સ્વાવલંબી ખેતી દ્વારા આત્મનિર્ભર ભારતનું નિર્માણ થઈ શકશે. તેમણે જણાવ્યુ હતું કે, ખેડૂત અને ખેતીની સમૃદ્ધિ માટે રાસાયણિક કૃષિથી મુક્તિ મેળવી ખેડુતો પ્રાકૃતિક કૃષિ અપનાવે એ આજના સમયની આવશ્યકતા છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આઝાદી બાદ હરિત ક્રાંતિ માટે રાસાયણિક કૃષિ અપનાવી એ સમયની માંગ હતી. તે સમયે રાસાયણિક કૃષિ અને હરિત ક્રાંતિના માધ્યમથી ખાદ્યાન્ન ક્ષેત્રે દેશ સ્વાવલંબન મેળવી શક્યો, પરંતુ આજે રાસાયણિક કૃષિના દુષ્પરિણામો સામે આવી રહ્યાં છે. આજે આખુ વિશ્વ ગ્લોબલ વોર્મિંગની સમસ્યાથી ત્રસ્ત છે. નિષ્ણાંતો માની રહ્યાં છે કે, ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પાછળ રાસાયણિક કૃષિનો ફાળો ૨૪ ટકા જેટલો છે. રાસાયણિક કૃષિના કારણે જળ-જમીન અને પર્યાવરણ દૂષિત થઈ ગયાં છે. જમીનનો ઓર્ગેનિક કાર્બન સતત ઘટી રહ્યો હોવાને કારણે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે, જમીન બંજર બની રહી છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકના અંધાધુંધ ઉપયોગથી દૂષિત અનાજ આરોગવાથી લોકો કેન્સર, ડાયાબિટીઝ, હૃદયરોગ જેવા અસાધ્ય રોગનો ભોગ બની રહ્યા છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આજે સમય આવી ગયો છે રાસાયણિક કૃષિને તિલાંજલી આપવાનો. તેમણે જણાવ્યું હતું કે રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે પ્રાકૃતિક કૃષિ જ શ્રેષ્ઠ માર્ગ છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને સમજાવતાં જણાવ્યું હતુ કે જંગલમાં કોઈ રાસાયણિક ખાતર, જંતુનાશકનો ઉપયોગ થતો નથી છતાં જંગલના વૃક્ષ, વનસ્પતિનો વૃદ્ધિ- વિકાસ થાય છે. આ જ પ્રાકૃતિક નિયમથી ખેતરમાં ખેતી કરવી એ જ પ્રાકૃતિક કૃષિ છે. રાજ્યપાલશ્રીએ કૃષિ યુનિવર્સિટી અને કૃષિ વૈજ્ઞાનિકોને આહવાન કરતા જણાવ્યું હતુ કે, હરિત ક્રાંતિ સમયે રાસાયણિક કૃષિ દ્વારા જે ક્રાંતિ થઈ એ જ રીતે પૂર્ણ મનોભાવથી રાસાણિક કૃષિથી મુક્તિ અને પ્રાકૃતિક કૃષિ દ્વારા કૃષિ અને કિસાનોની સમૃદ્ધિ માટે સંશોધનો થાય તે માટે કૃષિ યુનિવર્સિટી અને કૃષિ વૈજ્ઞાનિકો પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે આજે રાસાયણિક ખાતરો પાછળ કેન્દ્ર સરકાર અઢી લાખ કરોડ રૂપિયાનો આર્થિક બોજ ઉઠાવે છે. રાસાયણિક ખાતરથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનમાં વૃદ્ધિ થતી નથી પરંતુ સતત ઘટે છે, જમીન બંજર બનતી જાય છે. રાસાયણિક કૃષિનો વિકલ્પ પ્રાકૃતિક ખેતી છે. તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ સૂક્ષ્મોગજીવોની વૃદ્ધિથી થતી પ્રાકૃતિક પધ્ધતિમાં એક દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ સૂક્ષ્મ કજીવો હોય છે. ગૌમૂત્ર ખનીજોનો ભંડાર છે. ગાય ખેડુતો માટે આશીર્વાદરૂપ છે. એક ગાયથી ૩૦ એકર ભૂમિમાં પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિમાં મૂળભૂત સિધ્ધાંતો સમજાવતા જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિમાં છાણ-ગૌમૂત્રથી બનતા બીજામૃતથી બીજને સંસ્કારિત કરવામાં આવે છે. ગાયના છાણ-ગૌમૂત્ર- બેસન- ગોળ અને માટીના પાણીમાં બનાવેલા મિશ્રણથી જીવામૃત અને ઘનજીવામૃત બનાવવામાં આવે છે. જેમાં કરોડો મિત્ર સૂક્ષ્મણ જીવાણુનું નિર્માણ થાય છે અને કલ્ચર તરીકે કાર્ય કરે છે. આ સૂક્ષ્મજીવો હવામાંના નાઈટ્રોજનનું જમીનમાં સ્થાપન કરે છે. જમીનને ફળદ્રુપ બનાવે છે. પ્રાકૃતિક કૃષિમાં સૂક્ષ્મ જજીવો અને અળસિયાં જેવા મિત્ર જીવો ધરતીમાં રહેલા ખનીજોનું શોષી શકાય તેવા સરળ પદાર્થોમાં રૂપાંતર કરે છે. મૂળ દ્વારા તેનું શોષણ થવાથી છોડનું પોષણ થાય છે, વૃધ્ધિ થાય છે. જેનાથી જમીન ફળદ્રુપ બને છે. અળસિયાં જેવા મિત્ર જીવો ખેતરની માટીને નરમ બનાવે છે. જમીનમાં છેદ બનાવે છે જેનાથી જમીનને ઓક્સિજન મળે છે. પાણી જમીનમાં ઉતરતા કુદરતી રીતે જળસંચય થાય છે. રાજ્યપાલશ્રીએ ઓર્ગેનિક કૃષિ અર્થાત જૈવિક કૃષિને પ્રાકૃતિક કૃષિથી સાવ અલગ ગણાવી જણાવ્યું હતું કે, ઓર્ગેનિક કૃષિમાં શરૂઆતના વર્ષોમાં ઉત્પાદન ઘટે છે, કૃષિ ખર્ચ ઘટતો નથી. નિંદામણની સમસ્યાનો હલ મળતો નથી. ઓર્ગેનિક કૃષિમાં ઉપયોગમાં લેવાતા વિદેશી અળસિયાં ભારતીય વાતાવરણમાં પુરી ક્ષમતાથી કામ કરી શકતા નથી જ્યારે પ્રાકૃતિક કૃષિ પુરી વિધિથી કરવામાં આવે તો ઉત્પાદન ઘટતું નથી. જમીનનો ઓર્ગેનિક કાર્બન પ્રાકૃતિક રીતે વધે છે, જમીન ફળદ્રુપ બને છે. પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન અને પર્યાવરણનું સંરક્ષણ થાય છે. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ મલ્ચીંગના મહત્વને સમજાવતા જણાવ્યું હતું કે, જમીનમાં વાવેતર બાદ જમીનને કૃષિ અવશેષોથી ઢાંકવામાં આવે છે. આ આચ્છાદનના કારણે જમીનનું ઉંચા તાપમાન સામે રક્ષણ થાય છે. જમીનમાં ભેજનું પ્રમાણ જળવાય છે. જેથી પાણીની ૫૦ ટકા જરૂર ઘટે છે. આચ્છાદનથી અળસિયાં જેવા મિત્રજીવોને દિવસ દરમિયાન કાર્ય કરવાનું વાતાવરણ મળે છે. આચ્છાદનની વાપ્સીનું નિર્માણ થાય છે તેમજ નિંદામણની સમસ્યાથી મુક્તિ મળે છે. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે બહુસ્તરીય પાકના મહત્વને પણ સમજાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ આ કોન્ફરન્સમાં ઉપસ્થિત કૃષિ વૈજ્ઞાનિકોને આગ્રહ કરતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ ખેડુતો અને ખેતીને સમૃધ્ધ કરવાના આ સમાજ કલ્યાણના યજ્ઞમાં પૂર્ણ મનોભાવથી યોગદાન આપે. તેમણે દેશી બીજના સંરક્ષણ માટે તેમજ ઉન્નત બીજ માટે સંશોધન કરવા કૃષિ યુનિવર્સિટીઓને અનુરોધ પણ કર્યો હતો. આ પ્રસંગે અક્ષય કૃષિ પરિવારના અધ્યક્ષશ્રી ડૉ. ગજાનન ડાંગે જણાવ્યું કે, ભારતીય કૃષિ કરવટ બદલી રહ્યું છે ત્યારે કૃષિ ચિંતનને પુનઃ પ્રભાવિતકરવા અક્ષય કૃષિ પરિવાર કાર્ય છે. તેમણે પ્રાકૃતિક કૃષિનો પ્રચાર- પ્રસાર કરી તે દિશામાં આગળ વધવા જણાવ્યું હતું. રોયલ એસોસિયેશન ફોર સાયન્સ લેડ સોસિયો કલ્ચરલ એડવાન્સમેન્ટ (ઈછજીછ) ના અધ્યક્ષશ્રી ડૉ. એ. કે. સિંઘે જણાવ્યું કે, કૃષિ અને ગ્રામિણ વિકાસ એ ઈછજીછ ની પ્રાથમિકતા છે. પ્રાકૃતિક કૃષિના પ્રચાર-પ્રસાર માટે ઈછજીછ કાર્યરત છે. તેમણે કહ્યું કે, ગ્રામિણ વિસ્તારની આજીવિકા કૃષિ પર આધારીત છે. દેશ ખાદ્યાન્નમાં આત્મનિર્ભર છે તેવી જ રીતે ખેડુતોને આત્મનિર્ભર બનાવવા છે. જ્યાં સુધી કૃષિનો વિકાસ નહીં થાય ત્યાં સુધી સર્વાંગી વિકાસ નહીં થાય. પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરતાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. આર. એમ. ચૌહાણે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાંથી આ કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલા તમામનું સ્વાગત કરતા આનંદ અનુભવુ છું. તેમણે કહ્યું કે, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ૩૪ હેક્ટર જમીનમાં પ્રાકૃતિક ખેતીના પ્રયોગો શરૂ કરવામાં આવ્યા છે. જીવામૃતને ડ્રીપ ઈરીગેશન મારફત ખેતરમાં પહોંચાડવાની પધ્ધતિ વિકસાવવામાં આવી છે. આ યુનિવર્સિટી દ્વારા પ્રાકૃતિક ખેતીનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતો અને હ્રૈ ને ટેકનીકલ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. આ ત્રિદિવસીય કોન્ફરન્સમાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોના કૃષિ વૈજ્ઞાનિકશ્રીઓ, કૃષિ, પશુપાલન અને બાગાયત વિભાગના અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓ અને ખેડૂતો ભાગ લઈ રહ્યા છે.



કમલમ્ ન્યુઝ,

ગુજરાત વિધાનસભા ચૂંટણી અંતર્ગત આણંદ જિલ્લાની ૬ વિધાનસભાના ભાજપના ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા તે નિમિતે સાંસદશ્રી શ્રી મિતેષભાઈ પટેલ દ્વારા આણંદ વિધાનસભાના ઉમેદવાર શ્રી યોગેશભાઈ પટેલ, સોજીત્રા વિધાનસભાના ઉમેદવાર શ્રી વિપુલભાઈ પટેલ, બોરસદ વિધાનસભાના ઉમેદવાર શ્રી રમણભાઈ સોલંકી અને આંકલાવ વિધાનસભાના ઉમેદવાર શ્રી ગુલાબસિંહ પઢીયાર સાથે શુભેચ્છા મુલાકાત કરી અભિનંદન પાઠવ્યા.

# નવસારી જિલ્લાના મતદાન મથકોએ 'અવસર રથ' ફરી મતદાન અંગે જાગૃતિ લાવશે



કમલમ્ ન્યુઝ,નવસારી

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ માં મતદાનની ટકાવારી અને નાગરિકો ઉત્સાહભેર મતદાન કરવા પ્રેરાય એવા ઉદ્દેશથી "અવસર રથ' નવસારીના ૧૭૪- જલાલપોર , ૧૭૫- નવસારી , ૧૭૬- ગણદેવી અને ૧૭૭-વાંસદા મતદાન મથકો પર ફરી મતદારોને જાગૃત કરી રહ્યાં છે. જિલ્લાનાં તમામ મતદાન મથકોના મતદારો જાગૃત થાય અને મોટી સંખ્યામાં નાગરિકો મતદાન માટે પ્રોત્સાહિત થાય અને લોકશાહીના પર્વમાં ભાગીદાર બને તે માટે 'મિશન-૨૦૨૨' હાથ ધરવામાં આવ્યું છે. "હું વોટ કરીશ" એવા અવસર રથ પર સિગ્નેચર કરી મતદારો મોટી સંખ્યામાં લોકશાહીના મહાપર્વમાં જોડાઈ રહયા છે .

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજાએ અવસર લોકશાહીનો અભિયાન અંતર્ગત અવસર રથ ને લીલી ઝંડી આપી બપ્રસ્થાન કરાવ્યુ



કમલમ્ ન્યુઝ,

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ મા મતદાનની ટકાવારી વધારવા સાથે, જિલ્લાના નાગરિકો ઉત્સાહભેર મતદાન કરવા પ્રેરાય એવા ઉદ્દેશથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજા દ્વારા 'અવસર રથને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યુ હતુ. જિલ્લાના તમામ મતદાન મથકોના મતદારો જાગૃત થાય અને મોટી સંખ્યામા નાગરિકો મતદાન માટે પ્રોત્સાહિત થાય તથા લોકશાહીના પર્વમા ભાગીદાર બને તે માટે 'મિશન-૨૦૨૨' હાથ ધરવામા આવ્યું છે. હું વોટ કરીશ એવા સિગ્નેચર કેમ્પેઈન સાથે આ વિસ્તારોમા અવસર રથ ફરશે, અને મતદાન જાગૃતિ માટે વિશેષ પ્રયત્નો કરશે. આ અવસરે નિવાસી અધિક કલેક્ટર શ્રી પી.એ.ગાવિત, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એસ. ડી. ચૌધરી, ચૂંટણી મામલતદાર શ્રી મેહુલ ભરવાડ, આહવા મામલતદાર શ્રી યુ વી.પટેલ તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનિય છે કે, ડાંગના આંગણે પધારેલા અવસર રથ ના માધ્યમથી આહવા તથા સુબિર તાલુકાના તેર જેટલા લો વોટર ટર્ન આઉટ ધરાવતા મતદાર ક્ષેત્રમા લોકશાહીના આ અમૂલ્ય અવસર અંગે જનજાગૃતિ કેળવવામા આવી હતી.આ રથ આહવા તાલુકાના અંજનકુંડ અને સુકમાળ સહિત સુબિર તાલુકાના ઉગા (લવચાલી), મોટી કસાડ, ગિરમાળ, પીપલાઈદેવી, હિંદળા, ઈસખંડી, ઢોંગીઆંબા, દહેર, પોળસમાળ, બુરથડી, અને ઢોલિયાઉંબર ગામે ફર્યો હતો.

• Printer/Publisher/Owner &Editor: Mahesh N. Patel. • Printed At:-CaptialOffset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 • Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028